For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### ચાર દાયકાથી ગુજરાતમાં વિવાદગ્રસ્ત વિસ્તારમાં મિલકતોના હસ્તાંતરમાં અમલ કરાતો

# 'અશાંત ધારો' 'સ્પેસિફાઈડ એરિયા' ધારો બન્યો

**આ** વિસ્તારોમાં મિલકતના સોદા પર કલેક્ટર અને SITની કડક દેખરેખ રહેશે

**સ્પેસિફાઈડ** વિસ્તારો જાહેર કરવા મોનિટરિંગ કમિટીની પણ રચના કરાશે

ગાંધીનગર: રાજ્ય સરકારે વર્ષોથી અમલમાં રહેલા 'અશાંત ધારા' કાયદાના અમલીકરણમાં મહત્ત્વપૂર્ણ ફેરફારો કરતાં નવા નિયમો સાથેનું નોટિફિકેશન જાહેર કર્યું છે. નવા નિયમો મુજબ હવે 'અશાંત ધારા'ના સ્થાને 'સ્પેસિફાઈડ એરિયા' શબ્દનો સત્તાવાર ઉપયોગ કરવામાં આવશે. સાથે જ આવા વિસ્તારો જાહેર કરવા માટે મોનિટરિંગ એન્ડ એડવાઈઝરી કમિટીની રચના, મિલકતના ટ્રાન્સફરની તપાસ માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) તથા કલેક્ટર કક્ષાએ ફરજિયાત ચકાસણી જેવી નવી જોગવાઈઓ અમલમાં મૂકવામાં આવી છે.

સરકારનું માનવું છે કે આ ફેરફારોથી મિલકતના વ્યવહારો વધુ પારદર્શક બનશે તેમજ કોમી સંવેદનશીલ વિસ્તારોમાં ગેરકાયદે મિલકત હસ્તાંતરણ અને બળજબરીથી થતા સ્થળાંતરને અસરકારક રીતે અટકાવી શકાશે. નવા નોટિફિકેશન મુજબ હવે રાજ્ય સરકાર કોઈપણ વિસ્તારને 'સ્પેસિફાઈડ એરિયા' જાહેર કરતાં પહેલાં મોનિટરિંગ એન્ડ એડવાઈઝરી કમિટીની સલાહ અને ભલામણ મેળવશે. જે વિસ્તારોમાં કોમી તણાવની સ્થિતિ હોય અથવા ભવિષ્યમાં કોઈ સમુદાયના મોટા પાયે સ્થળાંતરની સંભાવના ઊભી થતી હોય તેવા વિસ્તારોને આ શ્રેણીમાં સામેલ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. કાયદાકીય પ્રક્રિયામાં 'પર્સન અગ્રીવડ' જેવા નવા શબ્દપ્રયોગનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

નવા નિયમો હેઠળ સ્પેસિફાઈડ એરિયામાં આવેલી મિલકતોના ખરીદ-વેચાણ અને ટ્રાન્સફર માટે હવે જિલ્લા કલેક્ટર કક્ષાએ વિસ્તૃત તપાસ કરવામાં આવશે. આ તપાસ માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)ની રચના કરવામાં આવશે, જે કોમી તણાવ, શાંતિ ભંગ થવાની સંભાવના અને અન્ય સંબંધિત પાસાઓનું મૂલ્યાંકન કરશે. તપાસનો સંતોષકારક અહેવાલ મળ્યા બાદ જ મિલકતના વેચાણ કે ટ્રાન્સફરને મંજૂરી આપવામાં આવશે.

સરકારે ગેરકાયદે મિલકત હસ્તાંતરણ સામે પણ કડક જોગવાઈઓ

...અનુસંધાન પાના 5 પર

### રાજ્યમાં 1986માં પ્રથમ વખત અશાંત ધારો વટહુકમ સ્વરૂપે લવાયો હતો

ગુજરાતમાં પહેલી વખત અશાંત ધારો (The Gujarat Disturbed Areas Act) વર્ષ 1986 માં વટહુકમ (Ordinance) સ્વરૂપે લાવવામાં આવ્યો હતો, અને ત્યારબાદ વર્ષ 1991 માં તેને ઔપચારિક રીતે કાયદા તરીકે પસાર કરવામાં આવ્યો હતો. આ કાયદો મુખ્યત્વે કોમી રમખાણો અથવા હિંસા ભડકી હોય તેવા વિસ્તારોમાં અસામાજિક તત્વો દ્વારા થતી મિલકતોની ગેરકાયદેસર ખરીદ-વેચાણ કે પડાવી લેવાની પ્રવૃત્તિઓને રોકવા માટે અમલમાં મૂકવામાં આવ્યો હતો.

### સુરતમાં હાલમાં ક્યાં ક્યાં અશાંતધારો અમલમાં છે

સુરતમાં મુખ્યત્વે નીચે દર્શાવેલા ૮ પોલીસ સ્ટેશન હેઠળના ચોક્કસ વિસ્તારો (જેમાં વોર્ડ નંબર ૧ થી ૧૨ ના ભાગો પણ સામેલ છે) માં અશાંત ધારો અમલી છે, જેમાં અઠવા, સલાબતપુરા, ચોકબજાર, મહીધરપુરા, સૈયદપુરા, લાલગેટ, રાંદેર તેમજ લીંબાયત પોલીસ મથકના વિસ્તારનો સમાવેશ થાય છે. આ પોલીસ મથકો હેઠળ આવતા મોટાભાગના જૂના કોટ વિસ્તાર, , ગોરાટ, અડાજણના અમુક ભાગો, કતારગામ, ડભોલી, સિંગણપોર, વરાછા અને મોટા વરાછાના અમુક વિસ્તારો તેમજ એ.કે. રોડ અને ટેક્સટાઇલ માર્કેટના કેટલાક કોમર્શિયલ વિસ્તારો આ ધારા હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

# ખાડીપૂરમાં ગ્રાઉન્ડ ફ્લોર અને બેઝમેન્ટની મિલકતોને જ રાહત મળશે

**રાજ્ય** સરકારે જાહેર કરેલા પેકેજમાં વેરાની રાહતનો ઉલ્લેખ કર્યો છે, હવે મનપા નિર્ણય કરશે

**70** હજારથી વધુ મિલકતોને વેરા અને યુઝર ચાર્જની રાહત 100 કરોડ પર પહોંચશે, સ્થાયી સમિતિમાં સુઓમોટો દરખાસ્ત આવશે

સુરત : સુરત શહેરમાં તાજેતરમાં આવેલા ખાડીપૂરના કારણે ભારે નુકસાન ભોગવનારા નાગરિકો અને વેપારીઓને મોટી રાહત આપવા સુરત મહાનગર પાલિકા દ્વારા મહત્વપૂર્ણ નિર્ણયની તૈયારી શરૂ કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, રાજ્ય સરકારના નિર્દેશ મળ્યા બાદ ખાડીપૂરથી અસરગ્રસ્ત વિસ્તારોની કોમર્શિયલ તેમજ રહેણાંક મિલકતોને એક વર્ષ માટે મિલકત વેરા (પ્રોપર્ટી ટેક્સ) અને યૂઝર ચાર્જમાંથી મુક્તિ આપવા સ્થાયી સમિતિમાં ચેરમેન રાજન પટેલ દ્વારા સુઓમોટો દરખાસ્ત રજૂ કરવામાં આવશે. જોકે, વેરાની આ રાહત ગ્રાઉન્ડ ફ્લોર અને બેઝમેન્ટની મિલકતોને જ મળશે.

સૂત્રોના જણાવ્યા મુજબ, આ યોજના હેઠળ ખાડીપૂરથી સીધી અસર પામેલી ગ્રાઉન્ડ ફ્લોર અને

...અનુસંધાન પાના 5 પર

### કોરોના સમયની જેમ આ રાહતની રકમ મનપા સરકાર પાસેથી લેશે

કોરોના મહામારી દરમિયાન પણ રાજ્ય સરકારના નોટિફિકેશનના આધારે સુરત મહાનગર પાલિકાએ 15 ચોરસ મીટર સુધીની મિલકતોને મિલકત વેરામાં સંપૂર્ણ રાહત આપી હતી. તે સમયે રાજ્ય સરકારે સુરત મનપાને રી-ઇમ્બર્સમેન્ટ તરીકે અંદાજે 35 કરોડની સહાય ફાળવી હતી. આ વખતે પણ માત્ર મિલકત વેરો જ નહીં પરંતુ યૂઝર ચાર્જ પણ માફ કરવાનો નિર્ણય લેવાય તેવી શક્યતા હોવાથી સરકાર પાસેથી રિ-ઇમ્બર્સમેન્ટ મેળવવા માટે કયા વિકલ્પો અપનાવી શકાય તેની કવાયત મનપાના અધિકારીઓ દ્વારા શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

# સુરતની તાપી નદીમાં એકસાથે વિશાળકાય 5-5 મગર દેખાયા

**ફૂલપાડા**-અમરોલી પટમાં મગરો જોવા મળતાં સ્થાનિકોમાં ભય વન વિભાગે રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવાની તૈયારી, કિનારે ચેતવણી બોર્ડ લગાવાશે



સુરતઃ સુરત શહેરના ફુલપાડા અને અમરોલી વિસ્તાર વચ્ચે વહેતી તાપી નદીમાં એકસાથે 4થી 5 વિશાળકાય મગરો જોવા મળતા સમગ્ર વિસ્તારમાં ભારે ફફડાટ ફેલાયો છે. સ્થાનિક માછીમારો અને નદી કિનારે રહેતા લોકો દ્વારા મગરો નજરે પડ્યાની માહિતી વન વિભાગ સુધી પહોંચતા તંત્ર પણ સતર્ક બન્યું છે. ખાસ કરીને નદીમાં એકસાથે આટલી મોટી સંખ્યામાં મગરો જોવા મળવાની ઘટના સુરત માટે અસામાન્ય માનવામાં આવી રહી છે, જેના કારણે કિનારાના વિસ્તારોમાં રહેતા લોકોની સુરક્ષા સામે પણ પ્રશ્નો ઊભા થયા છે.

...અનુસંધાન પાના 5 પર

### માછીમારોની નાવડી પર પણ મગરનું બચ્ચું ચડી ગયાની ચર્ચા

માછીમારી કરવા ગયેલા માછીમારોની નાની નાવડી પર અચાનક મગરનું બચ્ચું ચડી આવ્યું હોવાની પણ વાત છે. આશરે બેથી અઢી ફૂટ લાંબું મગરનું બચ્ચું અચાનક પાણીમાંથી બહાર આવી સીધું નાવડી પર ચડી ગયું હતું. આ ઘટના અંગે પણ તપાસ કરવામાં આવશે અને માછીમારોને પણ એકલા નહી જવા સૂચના આપવામાં આવશે.

### તાપી નદીના આ વિસ્તારમાં ન જવાની અપીલ

નાયબ વન સંરક્ષણ અધિકારી ધીરજકુમારના જણાવ્યા મુજબ આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વન વિભાગે તાત્કાલિક સર્ચ અને રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવાનો નિર્ણય લીધો છે. વિભાગની ટીમને સ્થળ પર મોકલવામાં આવી રહી છે અને મગરોને સુરક્ષિત રીતે પકડીને અન્ય યોગ્ય સ્થળે સ્થળાંતર કરવાની કાર્યવાહી કરવામાં આવશે. સાથે જ નદી કિનારે લોકોને સાવચેત રહેવા માટે ચેતવણી દર્શાવતા સૂચના બોર્ડ પણ લગાડવામાં આવશે. લોકોને અનાવશ્યક રીતે તાપી નદીના આ વિસ્તારમાં ન જવાની, ખાસ કરીને કિનારે ઊતરવાનું ટાળવાની અપીલ કરી છે. જ્યાં સુધી રેસ્ક્યુ કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી નદી કિનારે સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી છે.

# ખોટાં કામો થતાં વલસાડ કલેક્ટરે ખાણ ખનિજ ઓફિસને તાળાં માર્યાં

**કચેરીમાં** બીજાના આઈડીથી લોગ-ઈન અને ઓફલાઈન કામગીરી કરવામાં આવી રહી હતી

**કલેક્ટર** નિતીન સાંગવાએ પહેલા તમામ કર્મચારીઓને કચેરીની બહાર કાઢી નાંખ્યા અને બાદમાં સીલ મારી દીધું

**કચેરીમાં** ચાલતા કાળાબજાર પકડાતાં સમગ્ર સંકુલમાં સોપો પડી ગયો, આરએસીને તપાસ સોંપી



### તપાસ કર્યા પછી જ ઓફિસ ખુલશે: કલેક્ટર

વલસાડ ખાણ ખનિજની ઓફિસને તાળા બંધી કરવા સંદર્ભે કલેક્ટર નિતીન સાંગવાને જણાવ્યું કે, ઓફિસની કેટલીક ગંભીર ક્ષતિ નજરે ચઢી છે. જેને પગલે ઓફિસ લોક કરી હતી. જેની તપાસ આરએસીને સોંપી છે. તેમના દ્વારા ઓફિસ ખોલી તપાસ કરાશે પછી જ કર્મચારીઓને અંદર પ્રવેશ અપાશે.

વલસાડ : પોતાની કાર્યશૈલીને લઈ ગુજરાતભરમાં ચર્ચામાં રહેતા ગુજરાત કેડરના આઈએએસ અને વલસાડ કલેક્ટર નિતીન સાંગવાને આજરોજ પોતાનો અસલી મિજાજ દર્શાવ્યો હતો. આજરોજ તેમણે વલસાડ કલેક્ટર કચેરીમાં જ ચાલતી મદદનીશ ભુસ્તર શાસ્ત્રી અને ખાણ ખનિજની ઓફિસ પર દરોડો પાડ્યો હતો. જેમાં તેમને કર્મચારીઓ બીજાના આઈડીથી લોગ ઈન કરી કામ કરતા હોવાની ગંભીર ક્ષતિ જણાતા તેમજ કેટલાક કાર્યો ઓફલાઈન થતા હોવાનું જણાતા તેમણે તમામ કર્મચારીઓને બહાર કાઢી ઓફિસને લોક કરી દીધી હતી. વલસાડના ઈતિહાસમાં બનેલી આવી પ્રથમ ઘટનાના પગલે કલેક્ટર કચેરીમાં સોપો પડી ગયો હતો.

છેલ્લા કેટલાક સમયથી વલસાડ ખાણ ખનિજ વિભાગ વિવાદના વંટોળે ચઢ્યો હતો. વલસાડમાં માટી ખનનની વ્યાપક ફરિયાદ અને અંદર અંદરની લડાઈ ચરમસીમાએ પહોંચતા કચેરીના અધિકારીઓ વિરૂદ્ધ અનેક ફરિયાદ થઇ હતી. ઉચ્ચ કક્ષાએ થયેલી ફરિયાદના પગલે વલસાડ કલેક્ટરે આ કચેરીની

...અનુસંધાન પાના 5 પર



# UAEમાંથી 60 ભારતીય સુરત એરપોર્ટ પર ડિપોર્ટ

**સ્થાનિક** કાયદાના કથિત ભંગ બદલ કાર્યવાહી, ઇમિગ્રેશનની ચકાસણી બાદ વતન જવા મંજૂરી મળશે

**મોટાભાગના** શ્રમિકો બિહાર, ઉત્તર પ્રદેશ અને પંજાબના

સુરતઃ સંયુક્ત આરબ અમીરાત (યુએઈ)માં રોજગારી માટે ગયેલા 60 ભારતીય નાગરિકોને સ્થાનિક કાયદા અને નિયમોના કથિત ભંગ બદલ યુએઈ સરકારે ભારત ડિપોર્ટ કર્યા હોવાનું સામે આવ્યું છે. બુધવારે આ તમામ ભારતીયો એર ઈન્ડિયા એક્સપ્રેસની દુબઈ-સુરત ફ્લાઈટ IX-274 મારફતે સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પહોંચ્યા હતા.

એરપોર્ટ ઓથોરિટીના સૂત્રોના જણાવ્યા મુજબ, દુબઈથી ભારતના વિવિધ શહેરોમાં જતી ફ્લાઈટોમાં જ્યાં ખાલી બેઠકો ઉપલબ્ધ હતી ત્યાં આ ડિપોર્ટ કરાયેલા ભારતીયોને બેસાડી ભારત પરત મોકલવામાં આવ્યા હતા. સુરત આવનાર 60 મુસાફરોને એરપોર્ટ પર જરૂરી સુવિધા અને માનવતાપૂર્ણ વ્યવહાર સાથે આવકારવામાં આવ્યાં હતા.

મળતી માહિતી મુજબ, ડિપોર્ટેશન પહેલાં દુબઈ સ્થિત ભારતીય દૂતાવાસ દ્વારા તમામ મુસાફરોને ભારત પરત મોકલવા માટે ઈમરજન્સી સર્ટિફિકેટ

...અનુસંધાન પાના 5 પર

### કુલ 710 પૈકી માન્ય 704માંથી 703 મતદારોએ મતાધિકારનો ઉપયોગ કર્યો, 1 બેઠક પર 1 મત ઓછો પડ્યો

# સુમુલની ચૂંટણીમાં 8 બેઠક પર 100 ટકા મતદાન

**16**માંથી 7 બેઠક ભાજપ પ્રેરિત ઉમેદવારો બિનહરીફ જીતી જ ગયા છે

**હવે** 17 જુલાઈની મતગણતરી અને બળવાખોર ઉમેદવારોના દેખાવ પર નજર

સુરતઃ ધી સુરત અને તાપી જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી મંડળી (સુમુલ ડેરી)ની વ્યવસ્થાપક સમિતિની 9 બેઠકો માટે બુધવારે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ થયું હતું. સવારે 9 વાગ્યાથી સાંજે 4 વાગ્યા સુધી મતદાનનો સમય હતો પરંતુ મોટાભાગની બેઠકો પર બપોરે 12

...અનુસંધાન પાના 5 પર

### મહુવા, નિઝર અને કુકરમુંડા બેઠક પર કાંટાની ટક્કર થયાની ચર્ચા

સહકારી વર્તુળોમાં ખાસ કરીને મહુવા, નિઝર અને કુકરમુંડા બેઠક પર કાંટાની ટક્કર થઈ હોવાની ચર્ચા ચાલી રહી છે. બીજી તરફ ઓલપાડ, મહુવા, કુકરમુંડા, ડોલવણ અને નિઝર બેઠકો પર ભાજપના બળવાખોર ઉમેદવારો કેટલો પ્રભાવ પાડી શકે છે તેના પર પણ સૌની નજર છે. મતદાન દરમિયાન ભાજપના સાંસદ,ધારાસભ્યો તથા જિલ્લા-તાલુકા સંગઠનના આગેવાનો સક્રિય જોવા મળ્યા હતા. ઓલપાડ બેઠકના મતદાન મથક તરીકે આવેલા સુમુલ કેમ્પસમાં પૂર્વ મંત્રી

...અનુસંધાન પાના 5 પર

### કયા કયા ઉમેદવારોનું ભાવિ મતપેટીમાં સીલ?

(1) **ઓલપાડ બેઠક :** ભાજપના સત્તાવાર ઉમેદવાર ધનસુખ પટેલ સામે જયેશ દેલાડ સમર્થક બળવાખોર ઉમેદવાર વસંત પટેલ

(2) **મહુવા :** ભાજપના સત્તાવાર ઉમેદવાર જીગર નાયક સામે બળવાખોર ધનંજય પટેલ, કોંગ્રેસના દિનેશ ખંડુ પટેલ અને અપક્ષ ગુણવંત વહિયા

(3) **વ્યારાઃ** ભાજપના સત્તાવાર ઉમેદવાર હસમુખ ગામિત સામે કોંગ્રેસના સીટિંગ ડિરેક્ટર સિદ્ધાર્થ ચૌધરી

(4) **ડોલવણ :** ભાજપના સત્તાવાર ઉમેદવાર શૈલેષ પટેલ સામે ભાજપના બળવાખોર વિજય માવજી ચૌધરી કોંગ્રેસના સમર્થન સાથે

(5) **નિઝરઃ** કોંગ્રેસના સિટિંગ ડિરેક્ટર ભરત સુદામ પટેલ અને ભાજપના યોગેશ રાજપૂત

(6) **કૂકરમુંડા :** ભાજપના સીટીંગ ડિરેક્ટર સંજય સૂર્યવંશી ,ભાજપના બળવાખોર મણિલાલ પુનાભાઈ પટેલ અને કોંગ્રેસ ઇન્દ્રસિંગ વસાવા

(7) **સોનગઢઃ** ભાજપના સીટીંગ

...અનુસંધાન પાના 5 પર

### કઈ બેઠકો પર કેટલું મતદાન થયું?

| બેઠક | માન્ય મત | મતદાન |
|---|---|---|
| સોનગઢ | 175 | 175 |
| માંડવી | 129 | 129 |
| વ્યારા | 90 | 90 |
| મહુવામાં | 65 | 65 |
| ઉમરપાડા | 60 | 59 |
| ડોલવણ | 52 | 52 |
| નિઝર | 51 | 51 |
| કુકરમુંડા | 43 | 43 |
| ઓલપાડ | 39 | 39 |
| **કુલ મતદાન** | 704 | 703 |

### માંડવી બેઠક પર તમામ 129 સભાસદોએ મતદાન કર્યું

માંડવીઃ સુરત અને તાપી જિલ્લાની સહકારી ક્ષેત્રની જીવાદોરી સમાન સુરત-તાપી જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ (સુમુલ ડેરી)ની વ્યવસ્થાપક સમિતિની પ્રતિષ્ઠાભરી ચૂંટણી આજે માંડવી ખેતીવાડી ઉત્પન્ન બજાર (APMC) ખાતે ભારે ઉત્સાહ અને શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી. માંડવી બેઠક પર ભાજપ પક્ષના રેશાભાઈ ચૌધરી અને કોંગ્રેસ

...અનુસંધાન પાના 5 પર

# વિન્ટર શિડ્યૂલથી સુરતની બંધ ફ્લાઇટ્સ ફરી શરૂ કરાશે

**કેન્દ્રીય** જળશક્તિ મંત્રી સી.આર. પાટીલના નિવાસસ્થાને કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી સાથે ઉચ્ચસ્તરીય બેઠક થઈ

**બેંગકોક**,દુબઇ અને શારજાહની બંધ થયેલી ફ્લાઇટ વિન્ટર શિડ્યુલમાં ફરી શરૂ કરવાની એરલાઈન્સ કંપનીની ખાતરી

**નવા** વિમાનની ડિલિવરી મળતા વિન્ટર શિડ્યુલથી સુરતથી એર ઓપરેશન શરૂ કરવા આકાશા એરે તૈયારી દર્શાવી



સુરતઃ કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલના નવી દિલ્હી સ્થિત નિવાસસ્થાને બુધવારે સુરતની હવાઈ કનેક્ટિવિટી મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કિંજરાપુ રામમોહન નાયડુ, એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI)ના ઉચ્ચ અધિકારીઓ, ઇન્ડિગો, એર ઈન્ડિયા, એર ઈન્ડિયા એક્સપ્રેસ અને અકાસા એરના વરિષ્ઠ અધિકારીઓ ઉપરાંત સુરતના વિવિધ ઉદ્યોગ સંગઠનોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન સુરત એરપોર્ટ પરથી તાજેતરમાં

...અનુસંધાન પાના 5 પર


**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

**ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧**

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹3000/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

IN LOVING MEMORY
32nd Death Anniversary



Mahendra Narendralal Jagasheth
(1938 - 1994)
We miss you.
Jagasheth family

ભાવભીની શ્રદ્ધાંજલિ



આપ સદ્દગત સ્વધામ ગયા, સતગુણ સુવાસ ફેલાવતા ગયા, નિષ્ઠાની નાવમાં સવાર થઈ ભવસાગર સહેજ પાર ઉતરી ગયા, પ્રેમ સૌને પીરસતા ગયા, ભાવમાં ભીંજવતા ગયા, સતનામ સમરતા ગયા, કરૂણા વરસાવતા ગયા, કમાણી એવી કરી ગયા કે સૌના હ્રદય માં અમર થઈ ગયા. પ્રભુ આપના પવિત્ર આત્માને શાંતિ અર્પે એ જ હ્રદયથી પ્રાર્થના.

સ્વ. શ્રીમતી નીપાબેન આશિષભાઈ શાહ
સ્વ. તા. ૧૩.૦૭.૨૦૨૬

:: શોકાતુર પરિવાર ::
જયકુમાર નાનચંદભાઈ ચોકસી (પિતા)
પ્રતિભાબેન જયકુમાર ચોકસી (માતા)
નીરવ જયકુમાર ચોકસી (ભાઈ)
બિશિતા નીરવ ચોકસી (ભાભી)
આર્યા નીરવ ચોકસી
ધ્યાના કિષ્ના પટેલ
કિષ્ના જયેશભાઈ પટેલ
નેહા જીગ્નેશકુમાર શાહ (બેન)
જીગ્નેશકુમાર કમલેશભાઈ શાહ (જીજાજી)
રીયા જીગ્નેશકુમાર શાહ
અંશ જીગ્નેશકુમાર શાહ
શા. નાનચંદભાઈ રણછોડભાઈ ચોકસી (ચોકસી બજાર, ટાવર રોડ, સુરત)

પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ




સ્વ. પ્રવિણભાઈ પ્રાણલાલ જરીવાલા
(ચીકુસવાલા)
જન્મ તારીખ ૨૫/૧૧/૧૯૪૮
સ્વ. તારીખ ૨૭/૦૬/૨૦૨૫
અષાઢ સુદ બીજ રથયાત્રા

સમયની પાંખે એક વર્ષ વીતી ગયુ, છતાં તમારી યાદ અમારી સાથે રહે છે. તમારા દિવ્ય આત્માને પ્રભુ ચિર શાંતિ આપે એ જ પ્રાર્થના

લિ.
સ્વ. ધનુબેન પ્રવિણચંદ્ર જરીવાલા
સ્વ.ફાલ્ગુની ભુપેન્દ્ર ખરવર (પુત્રી)
શીવાની જશ્મીન કાપડીયા (પુત્રી)
તુલસી કાર્તિક હાથીવાલા (પુત્રી)
કિશન-ચૈતન્ય-કુંજ-દક્ષ-યુવરાજ-યશરાજ

ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



અમારા જીવનના ઘડવૈયા તમે, તમારા જીવન થકી ઉજ્જવળ અમે, તમારા સંસ્કારોથી શોભતા અમે, તમારા પુરુષાર્થથી સફળ અમે, તમે નથી, તમારા સ્વર પણ નથી, છતાં પણ આશીષ મળ્યા તમારા, હશે પુણ્ય કોઈ અમારા, જન્મોજનમ મળો તમે અમોને અંતઃ કરણની એજ અભિલાષા.

ગુરૂ શ્રી હસમુખ સર
સ્વ.તા.૧૫-૦૭-૨૦૨૬
પ્રેરણા કલાસીસના સંચાલક

લિ.
અશોક માણેકલાલ દલાલ પરિવાર
અશોકકુમાર ચંદુલાલ રાણા
(એડવોકેટ અને નોટરી)

ૐ શાંતિ
સુરતી મોઢ વણિક અવસાન-બેસણું



દિલગીરી સાથે જણાવવાનું કે,
સ્વ. નવનીતલાલ છબીલદાસ માંડલેવાલા નું તા. ૧૫/૦૭/૨૦૨૬ને બુધવારનાં દિવસે મળસ્કે દેવલોક પામ્યા છે.
સદ્દગતની પાથરણાની વિધિ તા. ૧૬/૦૭/૨૦૨૬ ને ગુરૂવારના રોજ સવારે ૦૯:૩૦ થી ૧૦:૩૦ કલાકે "શ્રી મોઢ વણિક ભવન" અડાજણ, પાલ, સૂર્યમ રેસીન્ડસી ખાતે રાખેલ છે.

લી.
સ્વ. હંસાબેન નવનીતલાલ માંડલેવાલા
રાજકુમાર – સોનલ માંડલેવાલા
સુશીલ – રચના માંડલેવાલા
નરેશ – જાગૃતિ માંડલેવાલા
યોગેશ – નલિની માંડલેવાલા
હેમંત – જેસ્મીન માંડલેવાલા
રાકેશ – શિવાની માંડલેવાલા
અલીશા, વિશ્વા, ઈશાન, જહાનવી

સ્વ. નવનીતલાલ છબીલદાસ માંડલેવાલા
સ્વ. તા. ૧૫/૦૭/૨૦૨૬